જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૨/૦૪/૨૦૨૩ શનિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## "જીંદગીથી પરેશાન એક મહિલાને" જીવન જીવવાનો સાચો રસ્તો દેખાડતી ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનની ૧૮૧ અભયમ હેલ્પ લાઇનની ટીમ

ભુજ ખાતે રહેતી એક પરીણીત મહિલાને એકલવાયા જીવનથી કંટાળી એક પુરૂષમીત્ર સાથે પ્રેમસબંધ બંધાતા પ્રેમમા અંધ થઇ મહિલાએ પોતાના વિવાહીત જીવનમા ક્લેશ પેદા કરી પોતાની પુત્રીને લઇને ભુજથી પોતાના પુરૂષમીત્ર સાથે છત્તીસગઢ (રાયબરેલી) ખાતે જતી રહેલ અને ત્યા થોડો સમય રહ્યા બાદ ગુજરાતમા અમદાવાદ ખાતે રહેવા આવેલ અમદાવાદમા થોડા દિવસ રહેલ બાદ તેના પુરૂષમીત્રએ જાણે જરૂરીયાત પુરી થઇ ગઇ હોય એમ આ મહિલાને સાબરમતી રેલ્વે સ્ટેશન ખાતે લાવી રીક્ષામા બેસાડી હવે તુ તારા પતિ પાસે ભુજ જતી રહે તુ મારી સાથે રહીશ તો મારે નોકરીમા તકલીફ થશે તેમ જણાવી તેને તરછોડીને જતો રહેલ આમ આ મહિલાને હવે એકેય બાજુ જવાનો આરો ન રહેતા તેણે તા.૧૮/૦૪/૨૦૨૩ ના રોજ ૧૮૧ અભયમ હેલ્પ લાઇનનો સંપર્ક કરેલ જેથી અભયમ હેલ્પ લાઇનની ટીમ તથા ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનના પોલીસ માણસોએ સંયુક્ત રીતે આ મહિલાને સમજાવેલ અને મહિલાના પતિનો સંપર્ક કરી મોટુ મન રાખી આ મહિલા તથા તેની બાળકીને અપનાવી પરીવાર બચાવી લેવાનુ સમજાવતા મહિલાના પતિ માની ગયેલ અને ભુજથી આ મહિલાના પતિ આવે ત્યા સુધી મહિલાને અમદાવાદ સીવીલ અસારવા "સખી વન સ્ટેપ સેન્ટર" ખાતે સુરક્ષીત રાખી જીંદગીથી પરેશાન મહિલાને જીવન જીવવાનો સાચો રસ્તો દેખાડી તેનુ વિવાહીત જીવન બચાવેલ છે.

**કામગીરી કરનાર ટીમ :-** ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ૧૮૧ અભયમ ટીમ



**<u>સી.આર.પી.સી.કલમ ૮૨ મુજબ</u>**

**<u>આરોપીને કોર્ટમાં હાજર થવાનું ફરમાનઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૬૬૦/૨૦૨૩</u>**

**<u>બાપુનગર પોલીસ સ્ટેશનઃ-</u>**

સીટી સેસન્સ કોર્ટના સેશન્સ કેસ નંબર ૯૦/૨૦૧૨ બાપુનગર ફ.ગુ.ર.નં. ૧૨૧/૨૦૧૧ ઇપીકો કલમ ૩૦૭ તથા બી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનાના કામે **<u>આરોપી મોહંમદચાંદ બાબુવારીઅલી ખાન (રહે.અલફતેહનગર, બોમ્બે હોટલ સામે, મહેતાબનગરની બાજુમાં, દાણીલીમડા, અમદાવાદ)</u>** નાઓને ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નામદાર જજ શ્રી વી.એ.રાણા સાહેબ, અધિકસત્ર ન્યાયધીશ, કોર્ટ નંબર-૧૨ સિટી સિવીલ અને સેશન્સ કોર્ટ, લાલ દરવાજા, ભદ્ર અમદાવાદ શહેર સમક્ષ **<u>તા.૨૬/૦૪/૨૦૨૩</u>** ના રોજ હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

**<u>નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૬૬૧/૨૦૨૩</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૧ કેસ કરી, ૪૭ વ્યક્તિઓને ઝડપી, ૨૮૦ લીટર દેશી દારૂ, ૧૮ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૦૨ મોટર સાયકલ કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૬૬૨/૨૦૨૩</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૧૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨૯ વ્યક્તિઓની અને પાસા મુજબ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૬૬૩/૨૦૨૩</u>**

**વસ્ત્રાપુરઃ** સંદીપકુમાર ચમનભાઇ રાઠોડ (ઉ.વ.૪૨)(રહે.ટાઇપ ટાવર, વસ્ત્રાપુર સરકારી વસાહત, ગુરૂકુળ મંદીર પાછળ વસ્ત્રાપુર) એ તા.૨૧/૦૪/૨૦૨૩ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૨/૦૪/૨૦૨૩ બપોરના ૨/૦૦ થી સાંજના ૭/૧૫ વાગ્યા દરમ્યાન મોબાઇલ નંબર ૯૩૬૫૪૬૧૫૭૦ ઉપરથી વાત કરનાર અનીલકુમાર સીંગ તથા મોબાઇલ નંબર ૯૬૯૨૦૪૬૨૨૧ ઉપરથી અનીલકુમાર સીંગની પત્નિ તરીકે વાત કરનાર નેહા શર્મા નાઓએ ભેગામળી સંદીપકુમારને વિશ્વાસમાં લઇ OLX વેબસાઇટ ઉપર વેચવા મુકેલ સંદીપકુમારની સાયકલની ખરીદી પેટે પેમેન્ટ કરવા માટે સંદીપકુમારને લીંક મોકલી, તે લીંક દ્વારા સંદીપકુમાર પાસે થી કુલ-૬ ટ્રાન્ઝેકશન કરાવી કુલ રૂપિયા ૮૬,૮૩૦/- પોતાના ખાતામાં ટ્રાન્સફર કરાવી લઇ સંદીપકુમાર સાથે છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.જે.દેસાઈ ચલાવે છે.

**મણીનગરઃ** પ્રતિભાબહેન ઉપેન્દ્રભાઇ ગોલવેલકર (ઉ.વ.૭૦)(રહે.દક્ષીણી સોસાયટી મણીનગર) એ તા.૨૧/૦૪/૨૦૨૩ ના રોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૦૧/૨૦૨૩ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી જયેશભાઇ પ્રભુલાલ રાઠોડ (રહે.સ્વયંભુ એપાર્ટમેન્ટ, કોર્નિયા ફ્લેટ સામે દક્ષીણી સોસાયટી મણીનગર) એ ટુર કરાવવા સારૂ પ્રતિભાબહેન પાસેથી રોકડ રૂપિયા ૭૪,૦૦૦/-તથા બીજી સીનીયર સીટીઝન બહેનોને પાસેથી રોકડ રૂપિયા તેમજ ચેકથી મળી કુલ રૂપિયા ૫,૬૪,૦૦૦/- મેળવી લઈ ટુર નહી કરાવી તમામ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી.આ ગુનાની તપાસ પોસઇ.શ્રી વી.વી.દેસાઈ ચલાવે છે.

**ઝાડ પડતા મૃત્યુ:** **સમાચાર યાદી નં.૬૬૪/૨૦૨૩**

**એલીસબ્રીજઃ** આનંદીબહેન વા/ઓ કિરિટસિંહ ચાવડા (ઉ.વ.૫૨)(રહે.મધુવન રો-હાઉસ એચ.પી. પેટ્રોલ પંપ સામે ઘાટલોડિયા) તા.૨૧/૦૪/૨૦૨૩ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે રીક્ષામા બેસી આંબાવાડી કલ્યાણ જ્વેલર્સ પાસેથી પસાર થતા હતા ત્યારે કોઇ કારણસર રીક્ષા ઉપર ઝાડ પડી જતા, આનંદીબહેનને શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે તેમને વી.એસ.હોસ્પિટલ ખાતે લાવતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ આર.બી.રાજપુત ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૬૬૫/૨૦૨૩**

**સોલા હાઇકોર્ટઃ** ભાવીનભાઇ ઇશ્વરભાઇ વડગામા (ઉ.વ.૩૭)(રહે.શીવશકતીનગર સોસાયટી, બેન્ક ઓફ બરોડા સામે, ચાંદલોડીયા)એ અગમ્ય કારણસર તા.૨૧/૦૪/૨૦૨૩ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગેલેરીમા લોખંડની જાળી સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.આર.પરમાર ચલાવે છે.

**એલીસબ્રીજઃ** જૈમીનભાઇ રમણભાઈ ચૌહાણ(ઉ.વ.૩૫)(રહે.વ્હોરાની ચાલી, હનુમાનજી મંદીર પાસે, એસ.એમ.રોડ, આંબાવાડી, એલીસબ્રીજ) એ અગમ્ય કારણસર તા.૨૧/૦૪/૨૦૨૩ સવારના ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.બી.રાજપુત ચલાવે છે.

**રામોલઃ** દિપાવલીબહેન વિજયભાઇ વાળંદ (ઉવ.૪૩)(રહે.શાશ્વત મહાદેવ હાઇટસ રીલાયન્સ પેટ્રોલપંપ પાછળ વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૨૧/૦૪/૨૦૨૩ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કલ્પેશભાઇ મોહનભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી